ગુજરાતનું વિશ્વસનીય દૈનિક
# લોક પત્રિકા
www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673
તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૧૧૬ | વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૧ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)
Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 116 • Dt. 02-12-2024 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125
02 DECEMBER- 2024 MONDAY



P.07
વર્ષ ૨૦૨૪માં ભારતમાં સૌથી વધુ ટેક્સ ચૂકવનાર સેલિબ્રિટી શાહરુખ ખાન છે



P.07
શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રાની મુશ્કેલી વધી



07
ફેંગલ વાવાઝોડું દરિયાકિનારે પહોંચ્યું : આગામી થોડા કલાકોમાં નબળું પડશે



07
ડિસેમ્બરના પહેલા જ દિવસે એક્યુઆઇ 'ખૂબ નબળી કેટેગરીમાં' પહોંચ્યો !!

### વિસાવદર વિધાનસભા બેઠક પર હજુ સુધી પેટા ચૂંટણીની જાહેરાત થઈ નથી

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણી યોજાઈ શકે

**જૂનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક પાછલા ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જોવા મળે છે, આ સમય દરમિયાન અનેક રાજ્યોમાં સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણી યોજાઈ હતી**

| પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧ |

જૂનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા બેઠક પાછલા ૧ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જોવા મળે છે. આ સમય દરમિયાન અનેક રાજ્યોમાં સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણી યોજાઈ હતી. પરંતુ વિસાવદર વિધાનસભા બેઠક પર હજુ સુધી પેટા ચૂંટણીની જાહેરાત થઈ નથી. ત્યારે આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ ભાજપ સમય અને સંજોગો જોયા બાદ જ વિસાવદર વિધાનસભાની ચૂંટણી લડવા માટે મન બનાવે ત્યાર બાદ ચૂંટણીની જાહેરાતની શક્યતાઓ જોવાઈ રહી છે.પાછલા ૧ વર્ષ કરતા વધુ સમયથી જૂનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક પ્રતિનિધિ વગર ખાલી જોવા મળે છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાય તે પ




ૂર્વે જ અહીંથી કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રીભડીયાએ રાજીનામું આપીને ભાજપનો કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. ત્યાર બાદ યોજાયેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવાર તરીકે હર્ષદ રીબડીયાએ ફરી એક વખત વિસાવદર વિધાનસભા બેઠક પર ઝંપલાવ્યુ હતું.ઘણા વર્ષો બાદ વિસાવદર વિધાનસભા બેઠક પર ત્રિપાંખિયો ચૂંટણી જંગ જોવા મળ્યો. જેમાં ભાજપના હર્ષદ રીબડીયા કોંગ્રેસના કરસનભાઈ વાડદોરીયાને હરાવીને આમ આદમી પાર્ટીના ભુપત ભાયાણી જાયન્ટ કિલર સાબિત થયા હતા અને વિસાવદર વિધાનસભા બેઠક જીતવામાં સફળ રહ્યા હતા. ચૂંટણી જીત્યા બાદ આપના ધારાસભ્ય વિધાનસભાના મતદારોની સમસ્યાને ધ્યાને લેશે તેવો દાવો કર્યો હતો. ભુપત ભાયાણીએ પણ ધારાસભ્ય પદેથી રાજીનામું ધરી દીધું ત્યારથી આ બેઠક ખાલી જોવા મળે છે.આજે વિસાવદર વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાઈ તો પૂર્વ ધારાસભ્ય હર્ષદ રીબડીયાની સાથે ભુપત ભાયાણી અને વિસાવદર વિધાનસભા બેઠક પર ૨ વખત લડી ચૂકેલા જૂનાગઢ જિલ્લા ભાજપના પ્રમુખ કિરીટ પટેલની સાથે અનેક દાવેદારો વિસાવદર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા માટે થનગની રહ્યા છે.















## આણંદમાં પરિણીતા પર દુષ્કર્મ ગુજારનાર ભાજપનો કાઉન્સિલર ઝડપાયો

। પ્રતિનિધિ, આણંદ, તા.૧ ।

આણંદમાં પરિણીત મહિલા પર દુષ્કર્મના કેસમાં પોલીસે ભાજપના સસ્પેન્ડેડ કાઉન્સિલરની ધરપકડ કરી લીધી છે. પરિણીતાએ આણંદ ટાઉન પોલીસ મથકમાં દીપુ પ્રજાપતિ નામના ભાજપના તત્કાલિન કાઉન્સિલર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. દુષ્કર્મનો કેસ નોંધાતાની સાથે જ દીપુ પ્રજાપતિ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. પોલીસે સતત શોધખોળ હાથ ધરી હતી. અંતે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને દીપુ પ્રજાપતિને ઝડપી પાડ્યો. એક પરિણીત મહિલાએ આણંદના કાઉન્સિલર દીપુ પ્રજાપતિ ગંભીર આરોપ લગાવ્યો હતો. ઘરમાં ઘૂસીને કાઉન્સિલરે દુષ્કર્મ આચર્યું હોવાના પીડિતાના આરોપથી ચકચાર મચી ગઈ હતી. પરિણીતાએ આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે ભાજપના કાઉન્સિલર દીપુ પ્રજાપતિએ તેના પર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારે દુષ્કર્મનો કેસ નોંધાતાની સાથે જ દીપુ પ્રજાપતિ ફરાર થઈ ગયો હતો.

## ગુજરાતીઓને પડ્યો મોંઘવારીનો માર, આજથી સીએનજી ગેસના ભાવમાં વધારો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ ।

ડિસેમ્બરની પહેલી તારીખ આવતા જ ગુજરાતની જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે. ગુજરાતીઓના ફરી એકવાર ખિસ્સા ખાલી થવા જઈ રહ્યાં છે. કારણ કે, ૧ ડિસેમ્બરે ગુજરાત ગેસના સીએનજીના ભાવમાં વધારાની જાહેરાત કરાઈ છે. કુલ દોઢ રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો છે. નવો ભાવ વધારો આજથી અમલમાં રહેશે.ગુજરાત ગેસ તરફથી જાહેર કરાયેલા નોટિફિકેશનમાં જણાવ્યું કે, ગુજરાત ગેસના સીએનજીમાં આજથી ૧.૫૦ રૂપિયાનો વધારો કરાયો છે. આજથી સીએનજીનો ભાવ ૭૭ રૂપિયા અને ૭૬ પૈસાનો ભાવ રહેશે. જોકે, દેશના અન્ય રાજ્યો કરતા આ ભાવ વધારા પછી પણ ગુજરાતમાં સીએનજીનો ભાવ ઓછો છે.ડિસેમ્બરની પહેલી તારીખ આવતા જ ગુજરાતની જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે.

### મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે

# આણંદ જિલ્લાના નાગરિકોને રૂપિયા ૧૨૦ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી

**ભારતના શિલ્પી સરદાર સાહેબની કર્મભૂમિ અને વિદ્યાપુરુષ ભાઈ કાકાની જન્મભૂમિ એવા સોજીત્રા ખાતેથી રૂ. ૯૦ કરોડના ૩૯ જેટલા વિકાસકામોનું ખાતમુહૂત**

। પ્રતિનિધિ, આણંદ, તા.૧ ।



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની કર્મભૂમિ અને વિદ્યાપુરુષ ભાઈ કાકાની જન્મભૂમિ એવા સોજીત્રા ખાતેથી રૂ. ૯૦ કરોડના ૩૯ જેટલા વિકાસકામોનું ખાતમુહૂર્ત તથા રૂ.૩૦ કરોડના ૧૩ જેટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ સહિત જિલ્લાના નાગરિકોને રૂ. ૧૨૦ કરોડના વિવિધ ૫૨ (બાવન) જેટલા વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.મુખ્યમંત્રીએ સરદાર સાહેબ અને વિદ્યાપુરુષ ભાઈકાકાની સ્મરણ વંદના કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસ કેવો હોય, કેટલા સ્કેલનો હોય, કેવા વિઝન સાથેનો હોય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગુજરાતના વિકાસ દ્વારા વિશ્વ સમક્ષ પૂરું પાડ્યું છે. પ્રો – પિપલ ગવર્નન્સની કાર્ય સંસ્કૃતિને વિવિધ વિકાસ કામોથી આપણે સાકાર કરી છે.આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, વિકાસ લક્ષી કાર્ય સંસ્કૃતિ દ્વારા વડાપ્રધાનએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ગુજરાતના વિકાસનો જે પાયો નાખ્યો હતો તેના પરિણામે ગુજરાત આજે દેશના વિકાસનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે.વલ્લભવિદ્યાનગરના શિલ્પી સ્વ.ભાઈકાકાના શિક્ષણના પ્રદાનને આગળ ધપાવતાં સોજિત્રામાં રૂ.૧૪.૮૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ શ્રી ભાઈકાકા સરકારી વાણિજ્ય કોલેજના ભવનનું મુખ્ય મંત્રીએ લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનએ શિક્ષણના ચિંતન અને સંસ્કૃતિના સંવર્ધનના કાર્યોને વેગ આપી હંમેશા તમામ ક્ષેત્રના વિકાસ પર ભાર મૂક્યો છે. એ જ દિશામાં સરકાર ગુજરાતમાં શિક્ષણ સહિતના સર્વાંગી વિકાસને આગળ ધપાવી રહી છે.ગ્રીન, ક્લીન ફ્યુચરના વડાપ્રધાનના વિઝનને અનુરૂપ પર્યાવરણની જાળવણી સાથે પ્રગતિના મંત્રને આપણે સાકાર કર્યો છે, તેમ મુખ્યમંત્રી ઉમેર્યું હતું. ગુજરાતમાં શહેરી વિકાસ, જાહેર આંતર માળખાકીય સુવિધાઓ અને આરોગ્ય એમ દરેક ક્ષેત્રે વિકાસ ક્રાંતિ આવી છે, તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, યુવાનોને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ મળી શકે તે માટે વડાપ્રધાનના સક્ષમ નેતૃત્વમાં ગુજરાતમાં ૧૦૩ યુનિવર્સિટીઓ અને ૨૮૦૦ કોલેજો દ્વારા ઉચ્ચ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. પટેલે ઉમેર્યું હતું કે, સોજિત્રાના સપૂત ભાઈકાકાએ ચરોતર પ્રદેશમાં શિક્ષણ સાથે જ્ઞાન પ્રાપ્તિના નિર્માણનો ભવ્ય પાયો નાખીને વલ્લભવિદ્યાનગરને વિદ્યાનગરી તરીકે વિકસાવી છે.લોહ પુરુષ સરદાર સાહેબના નેતૃત્વમાં સ્વાતંત્ર્યની ક્રાંતિ પછી અમૂલ રૂપે વિશ્વની સૌથી મોટી સહકારી ચળવળ રૂપી શ્વેતક્રાંતિની અને ભાઈકાકાના નેતૃત્વમાં વિદ્યાક્રાંતિની સાક્ષી બનેલી ચરોતરની આ ભૂમિના લોકોને વડાપ્રધાનશ્રીએ વિકાસક્રાંતિની અનુભૂતિ કરાવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.પટેલે ઉમેર્યું કે, વડાપ્રધાનની પ્રેરણાથી શરૂ થયેલ સ્વચ્છતા હી સેવા ઝુંબેશને વેગ મળી રહ્યો છે, એટલું જ નહીં સામાન્ય માનવીને ઉત્તમ આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા વય વંદના યોજના હેઠળ ૭૦ વર્ષના નાગરિકોને આયુષમાન કાર્ડની સુવિધા આપવામાં આવી રહી છે.

## સુરતમાં વધુ એક જમીન કૌભાંડ, રૂ. ૧૦૦ કરોડની જમીનનો બારોબાર સોદો

। પ્રતિનિધિ, સુરત, તા.૧ ।

સુરતમાં વધુ એક જમીન કૌભાંડ સામે આવ્યું છે. આ કૌભાંડ ગોચરની જમીનનું કૌભાંડ છે. ગોચરની ૧૦૦ કરોડ રૂપિયાની જમીનનો બારોબાર સોદો થઈ ગયો છે. આશ્ચર્યની વાત તો એ છે કે તેની ૧.૭૦ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની કાચી નોંધ પણ પડી છે.આ કૌભાંડમાં ખોટી રીતે ૨૪ કરોડ રૂપિયાના દસ્તાવેજ કરવામાં આવ્યા છે. અધિકારી અને જમીન માફિયાઓની મિલીભગતથી જમીન વેચાઈ છે. ખોટા ઠરાવો કરીને સંસ્થાના હોદ્દેદારોને જમીન વેચવામાં આવી છે. ચેરિટી કમિશ્નર કે પંચાયતની મંજૂરી લેવાઈ નથી. મબોગના સરવે નંબર ૩-બ, ૧૫૬ પૈકી સરવે નંબર (૧)નો રીતસરનો વહીવટ કરી દેવામાં આવ્યો છે. મૂળ આ જમીન મગોબ સમસ્ત સંસ્થાના નામે હતી.સમસ્તના વહીવટકર્તા રાજેન્દ્રસિંહ ગોહિલ છે. રાજેન્દ્રસિંહે સંસ્થાના અન્ય ૫ સાથે મળી જમીન વેચી રોકડી કરી લીધી છે. રાજેન્દ્રસિંહ અને જમીન ખરીદનાર સામે તપાસની માંગ ઉઠી છે. કેતનસિંહ ગોહિલ અને મહેશ બારોટ નામના બે શખ્સે આ જમીન ખરીદી છે.જમીનના આ સોદામાં સ્થાનિકની સાથે ગાંધીનગરના અધિકારીઓ પણ શંકાના ઘેરામાં આવી ગયા છે. દસ્તાવેજ ૧મા મબોગ ગામના ૭/૧૨માં ઢોર ચરણનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### ઉત્તરાયણના દિવસે પણ પોલીસ સ્ટેશન જવાનો વારો આવી શકે

# ઉત્તરાયણને લઈ અમદાવાદ પોલીસ કમિશનરનું જાહેરનામું, લાઉડ સ્પીકરથી લઈ પતંગ પર પ્રતિબંધ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ ।

દિવાળીના તહેવારો બાદ ગુજરાતીઓ જો કોઈ તહેવારની આતુરતાથી રાહ જોતાં હોય તો તે છે ઉત્તરાયણનો તહેવાર. જોકે ઉત્તરાયણના તહેવાર પહેલા અમદાવાદ પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડ્યુ છે. જો તમે આ જાહેરનામાનો ભંગ કરશો તો તમારે ઉત્તરાયણના દિવસે પણ પોલીસ સ્ટેશન જવાનો વારો આવી શકે છે. પોલીસ કમિશ્નર દ્વારા ચાઈનીઝ દોરી, તુક્કલ વેચવા પર તેમજ ઉડાવવા પર પ્રતિબંધ મુક્યો છે. આ સાથે ધાબા પર લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ લગાવાયો છે.અમદાવાદ પોલીસ કમિશ્નરએ ઉત્તરાયણ પર્વને લઈ જાહેરનામું બહાર પાડ્યું છે. શહેરમાં જાહેર માર્ગો, રસ્તાઓ કે મકાનના ધાબા પર ભયજનક રીતે પતંગ ઉડાડવાને લઈને આ જાહેરનામું બહાર પાડ્યું છે. સાથો સાથ લાઉડ સ્પીકર વગાડતા પર પ્રતિબંધ મૂક્યો છે. કોઈ વ્યક્તિ સમાજ કે, ધર્મ પર લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાવવા પર પ્રતિબંધ મુકાયો છે. કપાયેલા પતંગો અને દોરાઓ જાહેર રસ્તાઓ પર પકડવા જતા લોકો વિરુદ્ધ પણ કાર્યવાહી થશે. સાથો સાથ ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા પર પ્રતિબંધ લગાવ્યો છેસુરતમાં ઉતરાયણ પહેલા ચાઈનીઝ દોરીનો આતંક સામે આવ્યો હતો. પ્રતિબંધ પતંગની ચાઈનીઝ દોરીના કારણે સુરત ઓવરબ્રિજ પરથી પસાર થતાં એકાઉન્ટન્ટનું ગળુ કપાયું હતુ. ગળાના ભાગથી મગજમાં જતી ત્રણ નસ ચાઈનીઝ દોરીથી કપાઈ જતા ભોગ બનનાર સમર્થ નાવડિયાને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. દિવાળીના તહેવારો બાદ ગુજરાતીઓ જો કોઈ તહેવારની આતુરતાથી રાહ જોતાં હોય તો તે છે ઉત્તરાયણનો તહેવાર. જોકે ઉત્તરાયણના તહેવાર પહેલા અમદાવાદ પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડ્યુ છે. જો તમે આ જાહેરનામાનો ભંગ કરશો તો તમારે ઉત્તરાયણના દિવસે પણ પોલીસ સ્ટેશન જવાનો વારો આવી શકે છે.

## સુરતમાં આઇસક્રીમ ખાધા પછી ત્રણ બાળકીઓના મોતથી ચકચાર

। પ્રતિનિધિ, સુરત, તા.૧ ।

સુરતના સચિન પાલી ગામમાં ત્રણ બાળકીઓના શંકાસ્પદ મોતથી ખળભળાટ મચી ગયો છે. શુક્રવારે આઈસ્ક્રીમ ખાધા બાદ ત્રણેય કિશોરીઓ બિમાર પડી હતી અને તેમને પ્રથમ ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજતાં પરિવારજનોમાં શોક છવાઈ ગયો હતો. હાલ તબીબો ત્રણેય બાળકોના મોતના કારણોની તપાસ કરી રહ્યા છે.આ બાળકીના નામ ૧૨ વર્ષની દુર્ગાકુમારી મહતો, ૧૪ વર્ષની અમિતા મહંતો અને આઠ વર્ષની અનિતા કુમારી મહંતો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના પાલી ગામમાં રહેતી ત્રણ કિશોરીઓનું શરીર આઈસ્ક્રીમ ખાધા બાદ ગરમ પણ થઈ ગયું હતું, જે બાદ ત્રણેયની તબિયત લથડી હતી. તેથી આ ત્રણેય કિશોરીઓનું મોત આઈસ્ક્રીમ, ચૂલાના ધુમાડાથી કે અન્ય કોઈ કારણથી થયું છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.

## પાટણમાં હાઇવે પરથી એસઓજીની ટીમે અફીણનો જથ્થો ઝડપ્યો

। પ્રતિનિધિ, પાટણ, તા.૧ ।

પાટણમાં હાઈવે પરથી એસઓજીની ટીમે અફીણનો જથ્થો ઝડપી લીધો હતો. બનાવની વિગત મુજબ રાજસ્થાનથી અફીણનો જથ્થો ગુજરાતમાં લાવવામાં આવી રહ્યો હોવાની માહિતી જીંએને મળી હતી. જેને આધારે પોલીસે અફીણનો આ જથ્થો ઝડપી લીધો હતો. જેમાં પોલીસે આરોપી રાજુરામ બિશ્રોઇ નામના શખ્સની ધરપકડ કરી હતી.પોલીસે આરોપી પાસેથી અફીણનો ૧,૬૮,૬૪૬નો જથ્થો ઝડપવામાં આવ્યો હતો. પોલીસે અફીણ, મોબાઈલ અને કાર મળી ૬,૮૬,૧૩૬ના મુદ્દામાલ જપ્ત કબજે કર્યો હતો. પોલીસે એનડીપીએસનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. તે સિવાય પોલીસે ગુનામાં સંડોવાયેલ અન્ય ૩ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. પાટણમાં હાઈવે પરથી એસઓજીની ટીમે અફીણનો જથ્થો ઝડપી લીધો હતો.




## એન્ટી નાર્કોટિક્સ યુનિટ નશાના કારોબારને રોકવાનું અભિયાન ચલાવશે

# ગુજરાતના પહેલા એન્ટી નાર્કોટિક્સ યુનિટની શરૂઆત, સુરતમાં હર્ષ સંઘવી, સી આર પાટીલના હસ્તે ઉદ્‌ઘાટન

### ડ્રગ્સના બંધાણીઓને ડ્રગ્સની લત છોડાવવા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવશે

। પ્રતિનિધિ, સુરત,તા.૧ ।

રાજ્યમાં સૌપ્રથમ એન્ટી નાર્કોટિક્સ યુનિટની સુરતમાં શરૂઆત કરવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું. એન્ટી નાર્કોટિક્સ યુનિટ નશાના કારોબારને રોકવાનું અભિયાન ચલાવશે. અહીં નશાના બંધાણીને લત છોડાવવા કવાયત હાથ ધરવામાં આવશે. એન્ટી નાર્કોટિક્સ યુનિટ એક પ્રકારે રિહેબ સેન્ટરનું કામ કરશે.





એન્ટી નાર્કોટિક્સ યુનિટ થકી નશાના કારોબારને રોકવાનું અભિયાન ચલાવવામાં આવશે. અહીં ડ્રગ્સના બંધાણીઓને ડ્રગ્સની લત છોડાવવા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવશે. એન્ટી નાર્કોટિક્સ યુનિટ એક પ્રકારે ડ્રગ્સ સામેનું રિહેબ સેન્ટર બનશે. સેન્ટરમાં જો કોઈ ડ્રગ્સનો બંધાણી આવશે તો પોલીસ તેની ઓળખ ગુપ્ત રાખશે. સાથે જ ડ્રગ્સના બંધાણીને નશામાંથી બહાર લાવવાના પ્રયત્ન કરાશે, તેમની સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નહીં આવે. ડ્રગ્સની લતમાંથી બહાર લાવીને તેમનું જીવન સુધારવામાં મદદ કરવામાં આવશે. મહત્ત્વનું છે કે, ડ્રગ્સની સામે સુરત પોલીસ પહેલાથી ચલાવી રહી છે “નો ડ્રગ્સ ઈન સુરત સીટી અભિયાન”.

હવે સુરત પોલીસ સમાજ સેવાના કાર્યમાં પણ જોડાશે. અત્યાર સુધી પોલીસ ડ્રગ્સ અને એનડીપીએસમાં આરોપીઓને પકડતી હતી. સાથે જ નશાનો કારોબાર રોકવાનો પ્રયત્ન કરતી હતી. ત્યારે હવે સુરત પોલીસ નશાના કારોબારને રોકવાના અભિયાનની સાથે સમાજ સેવાનું કામ પણ કરશે. ડ્રગ્સના બંધાણીઓને લત છોડાવવા માટે પ્રયત્ન કરશે. સમગ્ર ગુજરાતમાં પોલીસ દ્વારા આ પ્રકારની કામગીરી સૌપ્રથમ સુરતમાં થશે. રાજ્યમાં સૌપ્રથમ એન્ટી નાર્કોટિક્સ યુનિટની સુરતમાં શરૂઆત કરવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું. એન્ટી નાર્કોટિક્સ યુનિટ નશાના કારોબારને રોકવાનું અભિયાન ચલાવશે. અહીં નશાના બંધાણીને લત છોડાવવા કવાયત હાથ ધરવામાં આવશે.

---

## ભારત દેશમાં જ નહી પરંતુ વિશ્વના ઘણા દેશોમાંથી માનવ તસ્કરીના સમાચારો સામે

# પાટણમાં નિઃસંતાન દંપતિને બાળક વેચાણનો મામલો, જિલ્લા પોલીસવડાએ ખુલાસો કર્યો

। પાટણ,તા.૧ ।

આજે ભારત દેશમાં જ નહી પરંતુ વિશ્વના ઘણા દેશોમાંથી માનવ તસ્કરીના સમાચારો સામે આવે છે. જેમાં આજે ભારતમાંથી યુવતીઓ બાળકો ગુમ થાય છે. જે માનવ તસ્કરી કરતી ગેંગના હાથે વેંચાઈ જાય છે. ત્યારે નાના બાળકોને જન્મતાની સાથે પણ વેંચી દેવાની ઘટના સામે આવી છે. ત્યારે પાટણ જિલ્લામાંથી બાળક વેંચવાના કૌભાંડમાં મોટા સમાચાર સામે આવ્યા છે.સમગ્ર ઘટના અંગે પાટણ પોલીસ એસપી ડો. રવિન્દ્ર પટેલે ખુલાસો કરતા જણાવ્યું કે, આ બાળકનો જન્મ પાટણ જિલ્લાની થરાની સંસ્કાર હોસ્પિટલમાં થયો હતો. ત્યારે એ હોસ્પિટલમાં રુપસિંહ નામના કમ્પાઉન્ડરે આ બાળકનો સોદો કરી નાખ્યો હતો અને આ બાળકને શિલ્પા ઠાકોર અને નકલી ડોક્ટર સુરેશ ઠાકોરને આપ્યું હતું. નકલી ડોક્ટર સુરેશ ઠાકોરે નિરવ મોદી નામના વ્યક્તિને ૧.૨૦ લાખમાં બાળકને વેંચ્યું હતુંબાળક બિમાર પડતા દત્તક લેનાર દંપતિએ બાળકને પરત કરી દીધું હતું. જો કે નકલી ડોક્ટર સુરેશ ઠાકોરે આ બાળકને ગુમ કરી દીધું હતું. જ્યારે દત્તક લેનારા દંપતિએ પોતાના પૈસા નકલી ડોક્ટર સુરેશ ઠાકોર પાસેથી પરત માંગતા તેણે ૧.૨૦ લાખમાંથી ૩૦ હજાર પરત આપ્યા હતા. આ બિમાર બાળકનો નિકાલ કરવા માટે નકલી ડોક્ટર સુરેશ ઠાકોર અને નર્સ શિલ્પા ઠાકોરે સિદ્ધપુર થઈ પાલનપુર ડીસા હાઈવે પાસે આવેલ મોટા ગામે બાળકને બિનવારસી હાલતમાં ત્યજીને ફરાર થઈ ગયા હતા.ત્યજેલા બાળકનો અવાજ આસપાસના લોકોને સંભળાતા તેમણે સરપંચને જાણ કરી હતી. જેની બાળક બિનવારસી હાલતમાં મળી આવતા તે બાબતે ગઢ પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાઈ. હાલ બાળકને પાલનપુર શિશુગૃહમાં ખસેડવામાં આવ્યું છે, જ્યાં તે તંદુરસ્ત અને સુરક્ષિત છે. જ્યારે બાળકને ખરીદનારે ૫૧ રુપિયાનું ટોકન આપતા સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો. ત્યારે પોલીસે આ આરોપીઓ સામે કાર્યવાહી કરવા ચક્રો ગતિમાન કર્યા છે. આજે ભારત દેશમાં જ નહી પરંતુ વિશ્વના ઘણા દેશોમાંથી માનવ તસ્કરીના સમાચારો સામે આવે છે. જેમાં આજે ભારતમાંથી યુવતીઓ બાળકો ગુમ થાય છે. જે માનવ તસ્કરી કરતી ગેંગના હાથે વેંચાઈ જાય છે.

---

# સુરેન્દ્રનગરમાં પ્રેમી પંખીડાએ વાડીમાં દોરડે ટીંગાઈને ગળાફાંસો ખાઈ મોતને ભેટ્યા

। માહિતી બ્યુરો, સુરેન્દ્રનગર, તા.૧ ।

ચોટીલાનાં લાખણકા પંથકમાં વાડી વિસ્તારમાં યુવક યુવતીનો મૃતદેહ મળતાં ચકચાર મચી છે. ગત મોડી સાંજે પ્રેમી પંખીડાએ વાડીમાં દોરડે ટીંગાઈને ગળાફાંસો ખાઈ મોતને ભેટ્યા હતા. પોલીસને જાણ થતા ઘટના સ્થળે દોડી આવી છે. પોલીસની પ્રારંભીક તપાસમાં મરણજનાર બંન્ને એક જ સમાજના હોવાનું અને બંન્ને વચ્ચે કહેવાતો પ્રેમ હોવાનું જાણવા મળ્યું છે. થોડા દિવસ પહેલા બંન્ને યુવા હૈયાઓ એક થવાના કોડ સાથે ઘરેથી નીકળી ગયેલ હોવાનું કહેવાય છે. પોલીસે મૃતક બંન્ને લાશનો કબજો લઈ રાજકોટ પીએમ માટે ખસેડી છે. બનાવની માહિતી મુજબ લાખણકા ગામનાં વાડી વિસ્તારમાં આવેલ મકાનનાં ઉપરના માળે એક યુવક યુવતી મરણ હાલતમાં હોવાની ચોટીલા પોલીસને જાણ થતાં પીઆઈ આઈ બી. વલવી તથા સ્ટાફના માણસો ઘટના સ્થળે દોડી ગયો હતો. મામલતદાર સમક્ષ પ્રાથમિક પંચનામું કરી બંન્ને મૃતદેહોને હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે ખસેડયા હતા. મરણજનાર યુવાન યુવતીનું આત્મઘાતી પગલું કે અન્ય કંઈ તે અંગે હાલ ચોટીલા પોલીસે એડી દાખલ કરી મૃતદેહ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ હાથ ધરી છે. બંનેનો પરિવાર ખેતીકામ સાથે જોડાયેલો છે.પ્રાપ્ત માહિતી મુજબ, પોલીસને મરણજનાર ૨૨ વર્ષીય યુવક સાયલાનાં કોટડા ગામનો અને ૧૬ વર્ષની સગીરા વિછીંયા તાલુકાની હોવાનું જાણવા મળ્યું છે.













## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઇગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઇમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઇને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઇ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઇ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઇ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઇ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી.

# ફુડ પ્રોડક્શન મેનેજરનો પણ ક્રેઝ

આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઇ ગયા છે. સારા ફુડ પ્રોડક્શન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઇન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઇનીજ અને અન્ય ઇન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઇન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઇન્ડિયા બ્રાન્ડ ઇક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### ગ્રીનલેન્ડના પીગળતા ગ્લેશીયર પૃથ્વીના પ્રલય કારણ બનશે!?

**પાણીમાં ફેરવાઇ ગયેલા સરોવરમાં વુલ્ફ ડોગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે**

# વધતા જતા તાપમાનથી બરફ જામવાનું અને ઓગળવાનું કુદરતી ચક્ર ખોરવાયું

**ઉત્તરપશ્ચિમ ગ્રીનલેન્ડમાં સ્થિત પીટરમેન ગ્લેશિયર, આ વિસ્તારમાં વધતા તાપ માનના પરિણામે ટુકડા થઈ શકે છે નાસાએ તેની ટ્વિટર પ્રોફાઇલ પર આઇસબ્રીજ ઓપરેશનના માળખામાં લેવામાં આવેલ ફોટોગ્રાફ પ્રકાશિત કર્યો છે.**

કુદરત કરવટ બદલી રહી છે. આપણી નંદનવન સમી પૃથ્વી પર સતત ગરમીનુ પ્રમાણ વધી રહ્યું છે. જેની સીધી અસર પરીઆવરણ પર થઇ રહી છે. આજે આપણે ગ્રીનલેન્ડના ભૌગોલિક પરિસ્થિતિની વાત કરવી છે. સમગ્ર ગ્રીનલેન્ડમાં ચિંતાનો વિષય બન્યો છે.ગ્રીનલેન્ડમાં માત્ર એક જ દિવસમાં બે બિલિયન ટન બરફ પીગળી રહયો છે. આથી વૈજ્ઞાનિકોને ડર છે કે ગ્રીનલેન્ડનો બરફ આમ પીગળતો જ રહેશે. તો દરિયાની જળ સપાટી વધવાનો ખતરો તોળાઈ રહયો છે. સતત વધી રહેલા તાપમાનના પગલે બરફ જામવાનું અને ઓગળવાનું જે કુદરતી ચક્ર હતું તે ખોરવાઇ રહયું છે.

ગ્રીનલેન્ડ એન્ટાર્કટિકા પછી પૃથ્વી પરનો સૌથી વિશાળ હિમ વિસ્તાર છે. જેની આઇસ શીટ ઉત્તર અને દક્ષિણ દિશામાં ૨૪૦૦ કિમી સુધી ફેલાયેલી છે. બરફની સરેરાશ ઉંચાઈ ૨૧૩૫ મીટર જયારે સૌથી વધુ ઉંચાઈ ૩૦૦૦ મીટર છે.એક સમયે ગ્રીનલેન્ડના ૫ ટનગર નૂકનું ઉનાળામાં સરેરાશ તાપ માન ૧૦ ડિગ્રી જેટલું રહેતું હતું પરંતુ હવે ૧૪ ડિગ્રી સુધી રહે છે. જુન ૨૦૧૯ના પ્રથમ પખવાડિયામાં ઉત્તરી ગ્રીનલેન્ડમાં ૧૫ થી ૧૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. ૨૦૧૮માં તો એક સ્થળે તાપ માન ૨૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું જે છેલ્લા ૫૦ વર્ષના સરેરાશ તાપમાન કરતા ઘણું વધારે હતું.

હિમાલયથી ગ્રીનલેન્ડ સુધી ગ્લેશિયરો પીગળવાથી ખતરો સતત વધી રહ્યો છે. ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (આઈપીસીસી)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં બરફનું પડ પ્રત્યેક વર્ષે ૪૦૦ અબજ ટન ઘટી રહ્યું છે. તેનાથી દરિયામાં પાણીનું સ્તર વધવાની સંભાવના વધી રહી છે જ્યારે ઘણા દેશોના મુખ્ય શહેરો ડૂબવાનું જોખમ પણ વધી ગયું છે. આ શહેર દરિયાના વધતા શહેરથી વધારે





પ્રભાવિત થશે જેમાં ભારતના મુંબઈ અને કોલકાતા જેવા શહેરો પણ સામેલ છે.

અગાઉ મિટિરીયોલોજીકલ ઈન્સ્ટીટયૂટના વૈજ્ઞાનિક સ્ટીફન ઓલ્સને ગ્રીનલેન્ડમાં લીધેલો એક ફોટો વાઈરલ થયો હતો. આ ફોટામાં એક સમયે દોઢ મીટર જેટલો બરફ જોવા મળતો અને હવે પાણીમાં ફેરવાઈ ગયેલા સરોવરમાં વુલ્ફ ડૉગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા. બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે. આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે. બરફના પડની જાડાઈને સમજવામાં થાપ ખાઈને અનેક લોકો જીવ ગુમાવે છે. પોલાર રીંછ અને વૂલ્ફ ડૉગ જેવા પ્રાણીઓના અસ્તિત્વને પણ ખતરો છે. પર્માફૉસ્ટ એટલે કે કાયમી બરફથી જામેલા રહેતા વિસ્તારોના ઘરો પરથી બરફ ઓછો થતા છાપરા દેખાવા લાગ્યા છે. ઉત્તરી આર્કેટિકના કેટલાક સ્થળે તો બરફનું પાણી થવાથી મકાનો ધસી રહયા છે અને ભીંતને તિરાડો પડવા લાગી છે. ગ્રીનલેન્ડ વિશ્વમાં ૧૩માં ક્રમનો વિશાળ વિસ્તાર ધરાવે છે. ૧૦ ઈંગ્લેન્ડ ભેગા કરો તેટલા વિશાળ ગ્રીનલેન્ડમાં માત્ર ૫૭૦૦૦ લોકો રહે છે.



### કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...

**ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે.

ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઇરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઇ શકે છે. વિલ પાવરને અથવા તો ઇચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઇએ. કોઇ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઇએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઇ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફ્લોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે. જેના કારણે સરકારને મોટી આવક પણ મળે છે. બિહાર અને ગુજરાત જેવા રાજ્યોમાં શરાબ પર વર્ષોથી પ્રતિબંધ છે.



### અમેરિકામાં બાકી વિદ્યાર્થી લોનનો આંકડો ૧.૬ ટ્રિલિયન ડોલર...

# અમેરિકામાં કોલેજ સ્તરે શિક્ષણના ખર્ચ ખુબ વધી ગયા હોવાથી વિદ્યાર્થીઓ મુશ્કેલમાં : ખાનગી લોન આપનારાની સંખ્યા વધી

અમેરિકામાં કોલેજ સ્તરમાં અભ્યાસ કરવાની બાબત ખુબ ખર્ચાળ બની ચુકી છે. જેથી દેશમાં ખાનગી લોન આપવા સાથે સંબંધિત કારોબાર ટોપ પર છે. ઓનલાઇન સર્વે એજન્સી લેન્ડ યુઝ્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ખાનગી વિદ્યાર્થીઓ લોન બજારની રકમ ૧૦ હજાર કરોડ રૂપિયા અથવા તો ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી ગઇ છે.

અમેરિકામાં ખાનગી વિદ્યાર્થી લોન બજારનુ કદ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આવી જ રીતે જે વિદ્યાર્થીઓના નાણાં ચુકવવાના બાકી છે તે વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૧૪ લાખથી ઉપર પહોંચી ગઇ છે. એજન્સીના કહેવા મુજબ આ વર્ષે ખાનગી લોન માટે આવેવી આશરે બે લાખ અરજીઓ પૈકી માત્ર એક તૃતિયાંશ અરજીને જ મંજુરી આપવામાં આવી છે. આંકડા દર્શાવે છે કે ૪.૪ કરોડ કરતા વધારે અમેરિકી વિદ્યાર્થીઓ પર સાત હજાર ખર્વ કરતા વધારે શૈક્ષણિક લોનની ચુકવણી બાકી રહી છે. આંકડા ખુબ જ રોચક અને ચર્ચામાં મુકે તેવા છે. કારણ કે અમેરિકામાં વિદ્યાર્થીઓ પર ૨૫.૬૦ લાખની સરેરાશ વિદ્યાર્થી લોન રહેલી છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૬૦ વર્ષ કરતા ઓછી વયના ૨૬ ટકા યુવા અમેરિકી વ્યસ્ક ખાનગી લોન આપનારના દેવાદાર તરીકે છે. અમેરિકામાં સ્વતંત્ર રીતે વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષા સુધી પહોંચી શક્યા નથી. ખુબ ઓછા જ વિદ્યાર્થીઓ એવા છે જે આ સફળતા હાંસલ કરી રહ્યા છે. સર્વે અને અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ અને ખાસ કરીને અમેરિકી વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ લોન લઇને સ્નાતક થયા છે. દરેક ચાર વિદ્યાર્થીઓ પૈકી એક અમેરિકી વિદ્યાર્થી આજે સ્ટુડન્ટ લોનની ચુકવણી કરવામાં લાગેલા છે. અમેરિકામાં વિદ્યાર્થી લોન દેવાદારોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. આ સંખ્યા પ્રાથમિક અંદાજ મુજબ ૧૪ લાખ સુધી પહોંચી ગઇ છે. સંખ્યા ઝડપથી વધી રહી છે. અમેરિકામાં ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ દેવામાં ડુબેલા છે. અમેરિકાના શિક્ષણને પણ સુધારાની જરૂર દેખાઇ રહી છે. અમેરિકામાં અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યા આજે દુનિયામાં સૌથી વધારે છે. અમેરિકામાં અભ્યાસને વિદ્યાર્થીઓ સર્વોચ્ચ પ્રાથમિકતા વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં આપે છે. જો કે આંકડા સાબિત કરે છે કે આ બાબત ચિંતાજનક છે. અમેરિકામાં શિક્ષણ અને ખાસ કરીને કોલેજ સ્તરમાં અભ્યાસમાં ખર્તનો આંકડો રેકોર્ડ સપાટી પર પહોંચી ચુક્યો છે. ડેટા સ્ટોરી ભારે રોચક રહેલી છે. અમેરિકામાં જુદા જુદા માપદંડ શિક્ષણના ક્ષેત્રમાં લાગુ કરવામાં આવ્યા છે. શિક્ષણના ઉંચા સ્ચરના કારણે અમેરિકામા અભ્યાસ કરવાને લઇને તમામમાં ક્રેઝ રહે છે. હજારોની સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી લેવા માટે ઉત્સુક રહે છે. અમેરિકાની જગ્યાએ હવે દુનિયાના અન્ય દેશોમાં પણ લોકો અભ્યાસ માટે જવા લાગી ગયા છે. અમેરિકામાં શિક્ષણ વધારે ખર્ચાળ છે ત્યારે ત્યાંના સ્થાનિક વિદ્યાર્થીઓ પણ શિક્ષણના ચિત્રને ધ્યાનમાં લઇને હવે અન્ય દેશોમાં શિક્ષણ મેળવી લેવા માટે પહોંચી રહ્યા છે. જેમાં ભારત પણ સામેલ છે. ફ્રાન્સ, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા પણ શિક્ષણ મેળવી લેવા માટે મુખ્ય હબ તરીકે ઉભરી રહ્યા છે. ઓન લાઇન સર્વેના તારણ આવ્યા બાદ સ્થાનિક અમેરિકી લોકો શિક્ષણને લઇને દેવામાં ડુબી જવા માટે તૈયાર નથી. અન્ય દેશોમાં આગળ જઇને અભ્યાસ કરી શકે છે. કારણ કે અમેરિકામાં શિક્ષણને લગતી અન્ય બાબતો પણ ખર્ચાળ બની રહી છે. અમેરિકામાં જે રીતે વિદ્યાર્થીઓ દેવામાં ડુબી રહ્યા છે તે જોતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તો પોતાના ખર્ચને ઉપાડી લેવા માટે કોઇ પણ પ્રકારની નોકરી પણ કરી રહ્યા છે. ગેરકાયદે રસ્તે પણ કેટલાક વિદ્યાર્થીઓ વળી ગયા છે. જો કે તંત્રને ખાનગી લોન માટેના દુષણને રોકી દેવા માટેની દિશામાં પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

ફ્રેન્ચ બોયફ્રેન્ડ સાથે રિલેશનશીપમાં હતી

# બોલ્ડ અભિનેત્રી મલ્લિકા શેરાવતનું વર્ષો બાદ બ્રેકઅપ



હિન્દી ફિલ્મ જગતની બોલ્ડ અભિનેત્રી મલ્લિકા શેરાવતે નિર્માતા મહેશ ભટ્ટની ફિલ્મ મર્ડરથી સનસનાટી મચાવીને ૨૦ વર્ષ પહેલા મલ્લિકાએ રાતોરાત પ્રસિદ્ધિ મેળવી હતી. એક્ટર ઈમરાન હાશ્મી સાથે ફિલ્મમાં તેના બોલ્ડ સીન્સની ભરમાર તે સમયે ખૂબ જ ચર્ચાનો વિષય બન્યા હતા.એક્ટિંગ કરિયર ઉપરાંત મલ્લિકા શેરાવત પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ એક મીડિયા ઈનટરવ્યુ દરમિયાન તેણે પોતાની લવ લાઈફને લઈને ખુલાસો કર્યો છે, તેને જાણીને તેના ચાહકોને ઝટકો લાગી શકે છે. એક્ટ્રેસે પોતાના બ્રેકઅપ પર મહોર લગાવી છે. બોલિવૂડ સેલેબ્સની પર્સનલ લાઈફ હંમેશાથી ચાહકો વચ્ચે ગોસિપનો એક મહત્વપૂર્ણ મુદ્દો રહે છે. દાખલા તરીકે હાલમાં અભિનેતા અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય અવાર નવાર ચર્ચામાં રહે છે. પરંતુ હાલમાં મલ્લિકા શેરાવતના બ્રેકઅપના સમાચારે આવા જ મામલાને વધુ વેગ આપ્યો છે. તાજેતરમાં જ મલ્લિકાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના બ્રેકઅપની વાત કબૂલી છે. અભિનેત્રીએ કહ્યું કે, 'હા એ સત્ય છે કે મારું બ્રેકઅપ થઈ ગયું છે. લાંબા સમયથી હું અને સિરિલ ઓક્સેનફેન્સ એક સાથે હતા, પરંતુ હવે અમે અલગ થઈ ગયા છે. હાલના સમયમાં એક યોગ્ય વ્યક્તિની તલાશ કરવી ખૂબ જ મુશ્કેલ છે. હું આ મામલે વિસ્તારથી વાત કરવા નથી માગતી. હાલમાં હું સિંગલ છું.' આમ, અભિનેત્રીએ પોતાના બ્રેકઅપની પુષ્ટિ કરી છે. મલ્લિકા શેરાવત લાંબા સમયથી ફ્રેન્ચ નાગરિક સિરિલ ઓક્સેનફેન્સને ડેટ કરી હતી અને તેની સાથે રિલેશનશિપમાં હતી. જ્યારે તેની કારકિર્દી કંઈ ખાસ નહોતી ચાલી રહી, ત્યારે તે સિરિલ સાથે પેરિસ શિફ્ટ થઈ ગઈ હતી.

# એક દિવસમાં ૨૦૦ જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન

કોલેજમાં બહુ ઝઘડતાં હતા



અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પી જતો હતો. એક જૂના ઈન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે 'હુ નોનવેજ ખાતો નથી પરંતુ મારી પત્ની જયા ખાય છે.'અમિતાભે કહ્યું, 'હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિતા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે. કોલકાતામાં હુ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પીતો હતો, હાં ૨૦૦. પરંતુ મુંબઈ આવ્યા બાદ મે છોડી દીધી. હુ ડ્રિન્ક પણ કરતો હતો, કંઈ પણ હોય જે હાથમાં આવે તે પીતો હતો પરતુ અમુક વર્ષો પહેલા મે નક્કી કર્યુ કે મને આની જરૂર નથી. આ ટેવોના કારણે મને કોઈ તકલીફ થતી નહોતી, માત્ર જ્યારે હુ વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હોવ ત્યારે કેમ કે ત્યાં વેજિટેરિયન ભોજનને લઈને મુશ્કેલી પડે છે.'અમિતાભે કહ્યું કે હુ અહિંસક માણસ છુ. મને નથી લાગતુ કે હુ હિંસક માણસ છુ. હુ મારું નિયંત્રણ પણ ગુમાવતો નથી. હા, કોલેજના દિવસોમાં અમુક ઝઘડા થતા હતા પરંતુ આટલું જ. સ્ક્રીન પર લડત ખૂબ અનરિયલ હોય છે.

# ભાગમ ભાગ ૨ નક્કીઃ અક્ષય-ગોવિંદા ૧૮ વર્ષે ભેગા થશે

ઓડિયન્સના મગજને સસ્પેન્સ કે થ્રિલરનો થાક લગાડ્યા વગર પેટ પકડીને હસાવતી કોમેડી ફિલ્મોનો દોર ફરી આવી રહ્યો છે




ઓડિયન્સના મગજને સસ્પેન્સ કે થ્રિલરનો થાક લગાડ્યા વગર પેટ પકડીને હસાવતી કોમેડી ફિલ્મોનો દોર ફરી આવી રહ્યો છે. ગોવિંદા, અક્ષય કુમાર અને પરેશ રાવલના લીડ રોલ ધરાવતી 'ભાગમ ભાગ'ને કલ્ટ કોમેડી ગણવામાં આવે છે. ૨૦૦૬માં રિલીઝ થયેલી આ ફિલ્મની સીક્વલ બનાવવાની તજવીજ શરૂ થઈ છે, જેના કારણે ૧૮ વર્ષના લાંબા બ્રેક પછી અક્ષય કુમાર અને ગોવિંદા સાથે કામ કરતા જોવા મળશે. 'ભાગમ ભાગ'ની રિલીઝ થઈ તે સમયે સોશિયલ મીડિયાનો દબદબો શરૂ થયેલો ન હતો. સોશિયલ મીડિયા પર બહુ ઝડપથી ટ્રેન્ડ બદલાતા રહે છે ત્યારે 'ભાગમ ભાગ'ની વીડિયો ક્લિપ સતત વાઈરલ થતી રહે છે. સમય અને સંજોગો અનુસાર આ ફિલ્મની શોર્ટ્સ બનવીને શેર કરવાનું આજની પેઢીને પણ ગમે છે. પ્રિયદર્શનના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને કોમેડી જોનરમાં અક્ષય કુમારની 'હેરાફેરી' અને 'વેલકમ' સમકક્ષ ગણવામાં આવે છે. 'હેરાફેરી' અને 'વેલકમ'ની સીક્વલ્સ બનેલી છે અને હજુ બનવાની છે. 'ભાગમ ભાગ'ની સીક્વલ હજુ બની નથી. આ ફિલ્મના રાઈટ્સ શેમારૂ એન્ટરટેઈનમેન્ટ પાસે છે. સરિતા અશ્વિન વર્દેએ આ રાઈટ્સ ખરીદી લીધા છે અને સ્ક્રિપ્ટનું કામ હાલ ચાલી રહ્યું છે. રોરિંગ રિવર પ્રોડક્શન્સ અને શેમારૂ એન્ટરટેઈનમેન્ટ ભેગા થઈને 'ભાગમ ભાગ ૨' બનાવવાના છે. સરિતા વર્દેના પતિ અશ્વિન વર્દે અગાઉ બોસ, મુબારકન, કબીરસિંગ, ઓહ માય ગોડ ૨ અને ખેલ ખેલ મેં જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે. ફિલ્મની સ્ક્રિપ્ટ જાન્યુઆરી સુધીમાં ફાઈનલ થઈ જશે.

# પ્રાઈવેટ વિડિયો લીક થયા બાદ એક્ટ્રેસ ટ્રોલ થઈ



એક્ટ્રેસ ઓવિયા તમિલ અને મલયાલમ સિનેમાની જાણીતી એક્ટ્રેસ છે. તેનું અસલી નામ હેલન નેલ્સન છે, જોકે તેણે પોતાના કરિયરની શરૂઆત પૃથ્વીરાજ સુકુમારનની મલયાલમ ફિલ્મ 'કાંગારૂ'થી કરી હતી. જ્યારે તેણે ૧૦ વર્ષ પછી 'બિગ બોસ તમિલ ૧'નો જવાનો મોકો મળ્યો, ત્યારે તેની ફેમ ડબલ થઈ ગઈ હતી. ત્યારે આ શોને કમલ હાસને હોસ્ટ કર્યો હતો. હવે એક્ટ્રેસ તેના એક પ્રાઈવેટ વીડિયોના કારણે ચર્ચામાં છે. ઈન્ટરનેટ પર વાયરલ થયેલી ક્લિપમાં એક્ટ્રેસ વાંધાજનક સ્થિતિમાં જોવા મળે છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કર્યો છે કે આ ડીપફેક વીડિયો છે. જ્યારે ઓવિયા અથવા તેની ટીમ આ વિવાદાસ્પદ મામલામાં સીધી ટિપ્પણી કરવાનું ટાળી રહી છે.

# કેટરિના વિકીના ઘરે યોજાયેલી પાર્ટીનું મેનુ નક્કી કરે છે : તૃપ્તિ ડિમરી

તૃપ્તિ ડિમરી જાણે છે કે સ્ટ્રીટ ફૂડ ક્યાંથી મેળવવું

તૃપ્તિની ફૂડ વિશેની વિશેષતા વિશે જણાવતાં નેહાએ કહ્યું કે, 'ફૂડમાં તેની પસંદગી ખૂબ જ રસપ્રદ છે. જ્યારે અમે સિમલામાં શૂટિંગ કરતા હતા ત્યારે તૃપ્તિ રસપ્રદ જગ્યાઓ શોધતી હતી. તે મને કહેતી કે શ્રેષ્ઠ મોમોસવાળી આંટી ક્યાં બેસે છે અને હું કારમાં ત્યાં પહોંચતો. હાલમાં જ રીલિઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં વિકી કૌશલ અને તૃપ્તિ ડિમરીની કેમેસ્ટ્રી જોઈને દર્શકોના દિલો દીવાના થઈ રહ્યા છે. આ બંને કલાકારોએ ફિલ્મ માટે તેમના શરીર પર કેટલું વિશેષ ધ્યાન આપ્યું છે, જેઓ સ્ક્રીન પર એક સાથે અદ્ભુત દેખાઈ રહ્યા છે, તે 'જાનમ' ગીતમાં જ દેખાય છે. પરંતુ નેહા ધૂપિયાના મતે, વિકી અને તૃપ્તિ વચ્ચે 'બિગ ફૂડી' પસંદ કરવી ખૂબ મુશ્કેલ છે. 'બેડ ન્યૂઝ' એ વાસ્તવિક જીવનના મિત્રો નેહા ધૂપિયા, વિકી કૌશલ અને કરણ જોહરને ફરી એકવાર સાથે કામ કરવાની તક આપી છે. ફિલ્મમાં નેહાનો રોલ ઘણો નાનો છે, પરંતુ તેણે હવે કહ્યું છે કે તેણે ફિલ્મના સેટ પર ખૂબ જ મસ્તી કરી હતી. વાત કરતી વખતે નેહાએ જણાવ્યું કે તેણે સેટ પર વિક્કી સાથે ઘણો સમય વિતાવ્યો પરંતુ કરણ ઓછો આવ્યો કારણ કે તે ફિલ્મનો નિર્માતા હતો અને નિર્દેશકો સાથે તેમના કામમાં દખલ કરવા માંગતો ન હતો. પરંતુ ફિલ્મના સેટ પર લોકોએ એકસાથે ઘણું બધું ખાધું હતું. નેહાએ કહ્યું, 'દરેક માઈલ એક સમારોહ હતો. જો તમે સેટ પર સૌથી મોટા ખાણીપીણી પસંદ કરો છો, તો વિકી અને તૃપ્તિ ખૂબ જ નજીક રહેશે. એકવાર અમે જૂની દિલ્હીમાં શૂટિંગ કરી રહ્યા હતા અને વિકી ત્યાંના સૌથી અધિકૃત ખોરાકની ઈચ્છા રાખતો હતો. અને જ્યારે મેં બધો ખોરાક જોયો, ત્યારે મને મારી ચિંતા થવા લાગી.



# વરુણ ધવન, શ્રદ્ધા કપૂર અને ક્રિતિ સેનન એક ફિલ્મમાં જોવા મળશે?

વરુણ ધવન અને શ્રદ્ધા કપૂરની કેમેસ્ટ્રી દર્શકો 'સ્ત્રી ૨'ના 'ખૂબસુરત' સોંગમાં જોઈ ચૂક્યા છે, ત્યારથી દર્શકો સ્ત્રી અને ભેડિયાના ક્રોસઓવરની રાહ જોઈ રહ્યાં છે. તેઓ રાહ જુએ છે કે ક્રિતિ સેનન, શ્રદ્ધા કપૂર અને વરુણ ધવન વિશે ટ્રાએંગલ જોવા મળશે. ત્યારે આ ફિલ્મોના ડિરેક્ટર અમર કૌશિકે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં ભાસ્કર, અનિકા અને સ્ત્રીની રોમેન્ટિક સ્ટોરીની ભવિષ્યની શક્યતાઓ વિશે વાત કરી હતી. તાજેતરની એક ઈવેન્ટમાં જ્યારે અમર કૌશિકને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું,"થઈ પણ શકે અને ન પણ થાય." કારણ કે વરુણ ધવન એક ડાયલોગ બોલે છે કે, 'મેં ભી પાવરફૂલ, મેં ભી પાવરફુલ'. આ ઉપરાંત ક્રિતિ અને રાજકુમાર રાવના પાત્રો સિવાયનું કોઈ નવું પાત્ર પણ ઉમેરાઈ શકે છે. આ સાથે 'સ્ત્રી ૨'એ કમાણીના રેકોર્ડ તોડ્યો હોવાની ચર્ચઓ તો છે જ. છેલ્લાં ૫૦ દિવસથી કમાણીના અનેક રેકોર્ડ તોડ્યા પછી હવે આ ફિલ્મની ગતિ થોડી ધીમી પડી છે. મેડોકના યુનિવર્સમાં ઘણી સ્ટોરી એકબીજા સાથે તો વણી લેવામાં આવી છે, સાથે તેમાં ઉમેરાતા કેમિઓથી દર્શકોમાં હવે આગળની ફિલ્મો અને તેની સ્ટોરીઝ માટે ઘણી ઉત્સુકતા છે.



# ફિલ્મોમાં સુંદરતાના માપદંડ સાવ પોકળઃ ભૂમિ પેડનેકર

એક્ટિંગ ઉપરાંત ફેશન ઈન્ડસ્ટ્રીમાં સક્રિય રહેનારી ભૂમિ પેડનેકરના ઓપિનિયન પણ ટ્રેન્ડથી અલગ રહેતા હોય છે. ભૂમિએ તાજેતરમાં એક ફેશન શો દરમિયાન જણાવ્યુ હતું કે, ફેશન અને બ્યુટી ઉપરાંત અનેક બાબતોમાં બેન્ચમાર્ક સેટ કરવામાં ફિલ્મો મહત્ત્વનો ભાગ ભજવે છે. સિનેમા સંખ્યાબંધ લોકોને પ્રભાવિત કરે છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો ઘણાં સકારાત્મક પરિણામ મળી શકે છે. જો કે વર્ષોથી ફિલ્મોમાં સુંદરતાના સાવ પોકળ અને અવાસ્તવિક માપદંડ રખાયા હોવાનું મારું માનવું છે. ભૂમિએ ફેશનને સેલ્ફ એક્સપ્રેશનનું માધ્યમ ગણાવી હતી. ફેશનના કારણે એમ્પાવરમેન્ટ થવું જોઈએ અને વ્યક્તિને મજા આવવી જોઈએ. ભૂમિ પેડનેકરે ૨૦૧૫ના વર્ષમાં 'દમ લગા કે હઈશા'થી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. વર્ષોની આ સફરમાં ફેશન અને બ્યૂટી બાબતે પોતાનો ટેસ્ટ બદલાયો હોવાનું ભૂમિએ સ્વીકાર્યુ હતું. ભૂમિએ કહ્યું હતું કે, સારો ટેસ્ટ ધરાવતા લોકોને મળવા માત્રથી પણ ઘણાં પરિવર્તન આવતાં હોય છે. ફેશનને સ્વીકારવામાં ક્યારેક શરમ નડી જતી હોય છે, પરંતુ આવી શરમ છોડી ફેશનને એન્જોય કરવી જોઈએ. ભૂમિ પેડનેકર સસ્ટેનેબલ ફેશન ઉપરાંત પર્યાવરણપ્રેમને પ્રમોટ કરતી હોય છે. ફેશન ઈન્ડસ્ટ્રીના કારણે સૌથી વધુ પ્રદૂષણ ફેલાતું હોવાથી આ ક્ષેત્રમાં સસ્ટેનેબલ ફેશનની જરૂર હોવાનું ભૂમિ માને છે. ભારતમાં સિલ્કથી માંડીને કોટન સુધી ઘણાં વિકલ્પ છે અને પર્યાવરણને હાનિ પહોંચાડ્યા વગર આવા વિકલ્પની પસંદ થવી જોઈએ. એક્ટિંગ ઉપરાંત ફેશન ઈન્ડસ્ટ્રીમાં સક્રિય રહેનારી ભૂમિ પેડનેકરના ઓપિનિયન પણ ટ્રેન્ડથી અલગ રહેતા હોય છે.



# માલદીવ્સમાં પલક તિવારી વે-કેશનમાં ઈબ્રાહિમ પણ સાથે છે?

ટીવી સ્ટાર શ્વેતા તિવારીની દીકરી છે પલક

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૨૦૨૪ના વર્ષની વિદાય પહેલાં નવી જોડીઓ બની હોવાના ખુલાસા થઈ રહ્યા છે. નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલાના લગ્ન ઉપરાંત વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના રિલેશન્સ અંગે કન્ફર્મેશન બાદ પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાન ડેટિંગ કરી રહ્યા હોવાની અટકળોને પણ સમર્થન મળ્યું છે. પલક તિવારીએ માલદીવ્સમાં વેકેશનના ફોટોગ્રાફસ શેર કર્યા હતા. આ ફોટોગ્રાફસ ઈબ્રાહિમે જ ક્લિક કર્યા હોવાનું અનુમાન છે. ટીવી સ્ટાર શ્વેતા તિવારીની દીકરી પલકે સલમાન ખાનની ફિલ્મ કિસી કા ભાઈ કિસી કી જાન સાથે બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું. ફિલ્મની રિલીઝ પૂર્વે જ પલકે સોશિયલ મીડિયા પર એક્ટિવ થઈને મોટો ફેનબેઝ ઊભો કર્યો છે. પોતાના ફોલોઅર્સ સાથે કનેક્ટ રહેતી પલકે તાજેતરમાં માલદીવ્સ વેકેશનના ફોટોગ્રાફસ શેર કર્યા છે. પિન્ક કલરના ડ્રેસમાં તેણે અલગ-અલગ લોકેશન્સ પરથી સેલ્ફી અને ફોટોગ્રાફસ શેર કર્યા હતા. સેલ્ફી તો પલકે જાતે લીધી હોય, પરંતુ તેનું ગ્લેમરસ ફોટોશૂટ ઈબ્રાહિમ અલી ખાને કર્યુ હોવાનું અનુમાન છે. સૈફ અલી ખાનનો દીકરો ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી ડેટિંગ કરી રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાય છે. પલકે ફોટોગ્રાફસ શેર કર્યાના થોડા સમય બાદ માલદીવ્સમાં આ જ લોકેશન પરથી ઈબ્રાહિમે પણ ફોટોગ્રાફસ શેર કર્યા હતા. જેથી પલક અને ઈબ્રાહિમ સાથે હોવાની અટકળોને વેગ મળ્યો છે. પલકે માલદીવ્સ વેકેશન ફોટોગ્રાફસ થોડા સમય અગાઉ શેર કર્યા ત્યારે આ પ્રકારની અટકળો શરૂ થઈ ન હતી.



### ૪ રાજ્યો પ્રભાવિત થયા । તોફાનના કારણે તમિલનાડુ અને પુડુચેરીના ઘણા વિસ્તારોમાં વરસાદ માટે રેડ એલર્ટ,અત્યાર સુધી ચારના લોકોના મોત

# ફેંગલ વાવાઝોડું દરિયાકિનારે પહોંચ્યું : આગામી થોડા કલાકોમાં નબળું પડશે

**પુડુચેરીના કરાઇકલ અને તમિલનાડુના મહાબલીપુરમ વચ્ચેના દરિયાકાંઠે લેન્ડફોલ થયું હતું । આઇએમડી અનુસાર, વાવાઝોડું રાત્રે ૧૦:૩૦ થી ૧૧:૩૦ ની વચ્ચે તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠાને પાર કરી ગયું**

। ચેન્નાઇ, તા.૧ ।

બંગાળની ખાડીમાંથી ઉદ્દભવેલું વાવાઝોડું ફંગલ તમિલનાડુમાંથી પસાર થયું છે વાવાઝોડું સાંજે ૭:૩૦ વાગ્યે પુડુચેરીના કરાઈકલ અને તમિલનાડુના મહાબલીપુરમ વચ્ચેના દરિયાકાંઠે લેન્ડફોલ થયું હતું.આઈએમડી અનુસાર, વાવાઝોડું રાત્રે ૧૦:૩૦ થી ૧૧:૩૦ ની વચ્ચે તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠાને પાર કરી ગયું હતું.આ દરમિયાન ૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે, જ્યારે ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી કેટલાક કલાકોમાં તોફાન નબળું પડી જશે. તોફાનના કારણે તમિલનાડુ અને પુડુચેરીના ઘણા વિસ્તારોમાં વરસાદ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.અત્યાર સુધી ચારના મોત થયા છે. વાવાઝોડાની અસર કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં પણ જોવા મળી રહી છે.ચેન્નાઈમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે.





### શહેરમાં ઘણી ફ્લાઈટને પણ અસર થઈ છે

શહેરમાં ઘણી ફ્લાઈટને પણ અસર થઈ છે. ઘણી ટ્રેનો પણ નિર્ધારિત સમય કરતા મોડી દોડી રહી છે.તમિલનાડુ અને પુડુચેરીના કાંચીપુરમ, ચેંગલપટ્ટુ, તિરુવલ્લુર, કુડ્ડલોર, વિલ્લુપુરમ, કલ્લાકુરિચી, ચેન્નાઈ અને માયલાદુથુરાઈ જિલ્લામાં આજે શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી હતી.આ જિલ્લાઓમાં લોકોને તેમના ઘરની બહાર ન નીકળવાની પણ સલાહ આપવામાં આવી છે. તમિલનાડુમાં બચાવ કામગીરી માટે એનડીઆરએફની ૭ ટીમો તૈનાત કરવામાં આવી છે. દરેક ટીમમાં ૩૦ જવાનો રાખવામાં આવ્યા છે.એટીએમ પાસે શોર્ટ સર્કિટના કારણે ઈલેક્ટ્રિક શોક લાગવાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

### ઈમરજન્સી ટોલ ફ્રી નંબર ૧૧૨ અને ૧૦૭૭ રાખવામાં આવ્યા

રિપોર્ટ મુજબ તોફાન પ્રભાવિત લોકોની મદદ માટે ઈમરજન્સી ટોલ ફ્રી નંબર ૧૧૨ અને ૧૦૭૭ રાખવામાં આવ્યા છે. સંકટ કોલ માટે એક વોટ્સએપ નંબર (૯૪૮૮૯૮૧૦૭૦) જારી કરાયો છે.એનડીઆરએફ અને એસડીઆરએફની ટુકડીઓ તૈનાત કરાઈ છે. તોફાની પવન અને સમુદ્રમાં ઉઠી રહેલી ઊંચી લહેરોને જોતા અધિકારીઓએ માછીમારીને દરિયામાં ન જવાની સલાહ આપી છે.ભારે પવનથી થનારા સંભવિત જોખમને ઘટાડવા માટે તમિલનાડુ સરકારે પડનારી વસ્તુઓ ક્રેન અને અન્ય મશીનોને જમીન પર ઉતારી દીધા છે. બિલબોર્ડ અને જાહેરાતોના હોર્ડિંગ્સ મજબૂત કરાયા છે અથવા હટાવવામાં આવ્યા છે.

### તમિલનાડુ અને પુડુચેરીમાં કોઈ મોટા નુકસાનના તાત્કાલિક અહેવાલો નથી

ભારતીય સેનાએ કેન્દ્રશાસિત પ્રદેશમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૧૦૦ થી વધુ લોકોને બચાવ્યા હતા. લેન્ડફોલ પછી, ચક્રવાત ફેંગલ પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ તરફ આગળ વધવાની અને આગામી છ કલાકમાં ધીમે ધીમે ડીપ ડિપ્રેશનમાં નબળું પડવાની આગાહી છે. તમિલનાડુમાં આગામી ૪૮ કલાક સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે, ચક્રવાતી તોફાન આગામી ત્રણથી ચાર કલાકમાં તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે. લોકો બીચની નજીક ન જાય તે માટે આખો રસ્તો અને બીચ નજીકના ઘણા પર્યટન સ્થળો બંધ કરી દેવામાં આવ્યા છે. શનિવારે પણ શાળા અને કોલેજો બંધ રહી હતી. આગાહીમાં માછીમારોને દરિયાકાંઠેથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી હતી અને એક મીટર (ત્રણ ફૂટ) ઊંચા મોજાંની આગાહી કરવામાં આવી હતી.

---

### વર્ષ ૨૦૨૪માં ભારતમાં સૌથી વધુ ટેક્સ ચૂકવનાર સેલિબ્રિટી શાહરૂખ ખાન છે



। મુંબઇ, તા.૧ ।

ફોર્ચ્યુન ઈન્ડિયાએ વર્ષ ૨૦૨૪માં સૌથી વધુ ટેક્સ ભરનાર સેલિબ્રિટીઝનું લિસ્ટ જાહેર કર્યું છે. આ લિફ્ટમાં સલમાન ખાન, અમિતાભ બચ્ચન, વિરાટ કોહલી, શાહરુખ ખાન સહિતના કલાકારોનો સમાવેશ થાય છે. આ લીસ્ટ અનુસાર વર્ષ ૨૦૨૪માં ભારતમાં સૌથી વધુ ટેક્સ ચૂકવનાર સેલિબ્રિટી શાહરુખ ખાન છે. શાહરૂખ ખાને અમિતાભ બચ્ચન સહિત બધા જ કલાકારોને પાછળ છોડી દીધા છે. શાહરૂખ ખાને વર્ષ ૨૦૨૩ ૨૪ ના ફાઈનાન્સીયલ વર્ષમાં ૯૨ કરોડ રૂપિયાનું ટેક્સ ચૂકવ્યો છે. વર્ષ ૨૦૨૩ માં શાહરુખ ખાનની ફિલ્મો જેવી કે પઠાન, જવાન અને ડંકી આવી હતી. વર્ષ ૨૦૨૪ માં તેની એક પણ ફિલ્મ રિલીઝ થઈ નથી તેમ છતાં તેણે ટેક્સ પેયર લીસ્ટમાં બધા જ કલાકારોને પાછળ છોડી દીધા છે. શાહરુખ ખાન એ વર્ષ ૨૦૨૩-૨૪ નો ૯૨ કરોડ રૂપિયાનો ટેક્સ ભર્યો છે.

### દિલ્હીનું વાયુ પ્રદૂષણ સુધરી રહ્યું નથી

# ડિસેમ્બરના પહેલા જ દિવસે એક્યુઆઇ 'ખૂબ નબળી કેટેગરીમાં' પહોંચ્યો !!

**ડિસેમ્બરના પહેલા દિવસે પણ દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (એકયુઆઇ) અત્યંત નબળી શ્રેણીમાં છે, વાયુ પ્રદૂષણને કારણે દિલ્હી-એનસીઆરમાં પહેલાથી જ ઘણા નિયંત્રણો લાગુ છે**

। નવીદિલ્હી,તા.૧ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની હવા હજુ પણ ઝેરી છે. ડિસેમ્બરના પહેલા દિવસે પણ દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (એકયુઆઈ) અત્યંત નબળી શ્રેણીમાં છે. વાયુ પ્રદૂષણને કારણે દિલ્હી-એનસીઆરમાં પહેલાથી જ ઘણા નિયંત્રણો લાગુ છે. આ હોવા છતાં, બે મહિના પછી એટલે કે ડિસેમ્બરના પ્રથમ દિવસે, એકયુઆઈ સ્તર ૩૦૦ થી વધુ છે.રવિવારે દિલ્હીનું સરેરાશ એકયુઆઈ સ્તર ૩૧૧ નોંધાયું હતું. આનંદ વિહારમાં એકયુઆઈ સ્તર ૩૪૫ પર પહોંચ્યું. દિલ્હીમાં વાયુ પ્રદૂષણને કારણે વિઝિબિલિટી પ્રભાવિત થઈ છે. વહેલી સવારની ફ્લાઈટ્સ અને ટ્રેનો સમય કરતાં પાછળ ચાલી રહી છે.તમને જણાવી દઈએ કે દિલ્હીની હવાની ગુણવત્તા શનિવારે સતત સાતમા દિવસે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં



રહી હતી. એર ક્વોલિટી ઈન્ડેક્સ (એકયુઆઈ) ૩૪૬ રહ્યો. શનિવારે દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૯.૮ ડિગ્રી સેલ્સિયસ જ્યારે મહત્તમ તાપમાન ૨૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિલ્હીના એક અધિકારીએ જણાવ્યું હતું કે પ્રતિકૂળ હવામાનને કારણે આગામી ત્રણ દિવસ સુધી શહેરની હવાની ગુણવત્તા 'ખૂબ જ નબળી' શ્રેણીમાં રહેવાની શક્યતા છે.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર, દિલ્હીનો ૨૪-કલાકનો સરેરાશ એકયુઆઈ શનિવારે સાંજે ૪ વાગ્યે ૩૪૬ નોંધાયો હતો, જે શુક્રવારે નોંધાયેલા ૩૩૧ કરતાં થોડો વધારે હતો.તે જાણીતું છે કે ૦ થી ૫૦ ની વચ્ચે એકયુઆઈ "સારી", ૫૧ અને ૧૦૦ ની વચ્ચે એકયુઆઈ "સંતોષકારક", ૧૦૧ અને ૨૦૦ ની વચ્ચે એકયુઆઈ "મધ્યમ" છે, ૨૦૧ અને ૩૦૦ ની વચ્ચે એકયુઆઈ "નબળી", ૩૦૧ અને ૪૦૦ વચ્ચે એકયુઆઈ છે.

**નેશનલ હાઈવે ૧૩૦ પર ઉદયપુર નજીક ભયાનક માર્ગ અકસ્માત**

### છત્તીસગઢનાઅંબિકાપુર-બિલાસપુર નેશનલ હાઈવે ઉપર અકસ્માત : પાંચના મૃત્યુ

**રાયપુરથી અંબિકાપુર તરફ જઈ રહેલી કારને ટ્રકે જોરદાર ટક્કર મારી હતી, અકસ્માતમાં કારના ફુરચા ઉડી ગયા હતા**

। રાયપુર,તા.૧ ।

છત્તીસગઢના સુરગુજા જિલ્લામાં અંબિકાપુર-બિલાસપુર નેશનલ હાઈવે ૧૩૦ પર ઉદયપુર નજીક એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. રાયપુરથી અંબિકાપુર તરફ જઈ રહેલી કારને ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં કારના ફુરચા ઉડી ગયા હતા. કારમાં મુસાફરી કરી રહેલા ચાર લોકોનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એકનું ઉદયપુર સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં મૃત્યુ થયું હતું. આ ઘટના રવિવારે સવારે ૫ થી ૫:૩૦ વાગ્યાની વચ્ચે બની હતી. જણાવવામાં આવી રહ્યું છે કે ટ્રક અંબિકાપુરથી બિલાસપુર તરફ જઈ રહી હતી. કાર ચાલકો રાયપુરથી અંબિકાપુર તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન ઉદયપુરના અદાણી ગેસ્ટ હાઉસ પાસે બંને વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.અકસ્માત બાદ ટ્રક ચાલકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને તેની ટ્રક પલટી જતાં કારને વધુ નુકસાન થયું હતું. કાર ઉડી ગઈ હતી અને તેમાં સવાર લોકો કારની અંદર ખરાબ રીતે કચડાઈ ગયા હતા. જેના કારણે તમામના મોત થયા હતા.કારમાં સવાર પાંચ લોકો ચંગોરાભાથા રાયપુરના રહેવાસી છે, તેઓ જગદલપુર જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા, તેમનો પ્લાન અચાનક સુરગુજા જિલ્લાના મેનપત જવાનો બની ગયો, આ દરમિયાન અદાણી ગેસ્ટ હાઉસ, ઉદયપુર પાસે અકસ્માત થયો હતો. કારમાં સવાર પાંચેય લોકોના મોત થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ કુમારી ચંદ્રકરે તેમની ટીમ સાથે કારમાં ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે કટરની મદદ લેવી પડી હતી. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

### શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રાની મુશ્કેલી વધી



। મુંબઇ, તા.૧ ।

ઈડીએ બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રાને સમન્સ મોકલ્યું છે. તેમને આ સમન્સ પોર્નોગ્રાફી અને એડલ્ટ ફિલ્મોના કથિત વિતરણ સંબંધિત મની લોન્ડરિંગ કેસ મામલે મોકલવામાં આવ્યું છે. કુન્દ્રાને આ અઠવાડિયે તપાસ એજન્સી સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. ઈડી દ્વારા ૪૯ વર્ષીય કુન્દ્રા અને કેટલાક અન્ય વ્યક્તિઓના ઘર અને ઓફિસ સહિત મુંબઈ અને ઉત્તર પ્રદેશના કેટલાક શહેરોમાં લગભગ ૧૫ સ્થળોએ દરોડા પાડ્યા બાદ આ સમન્સ મોકલવામાં આવ્યું છે.ઈડીએ આ કેસ સાથે જોડાયેલા અન્ય લોકોને પણ સમન્સ મોકલીને પૂછપરછ માટે તેની મુંબઈ ઓફિસમાં બોલાવ્યા છે. રાજ કુન્દ્રાને સોમવારે (૨જી ડિસેમ્બર) સવારે ૧૧ વાગ્યે ઈડી ઓફિસ આવવા માટે કહેવામાં આવ્યું છે.રાજ કુન્દ્રાના વકીલ પ્રશાંત પાટીલે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'મારા અસીલે કોઈ ગુનો કર્યો નથી. મેં હજુ સુધી મારા ક્લાયન્ટ સાથે વાત કરી નથી.

---

### સંજૌલી મસ્જિદ કેસમાં મુસ્લિમ પક્ષને ઝટકો, ૩ માળ તોડી પડાશે

। શિમલા, તા.૧ ।

સંજૌલી મસ્જિદ કેસમાં ઓલ હિમાચલ મુસ્લિમ કલ્યાણ સંગઠનની અરજીને શિમલા જિલ્લા અદાલતે ફગાવી દીધી છે. કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરની કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો છે. આ મુજબ સંજૌલી મસ્જિદમાંથી ગેરકાયદેસર ભાગ હટાવવાનું કામ ચાલુ રહેશે. મુસ્લિમ કલ્યાણ સંગઠને મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરની કોર્ટના નિર્ણયને જિલ્લા કોર્ટમાં પડકાર્યો હતો.અગાઉ, સંજૌલી મસ્જિદ કમિટીના સોગંદનામાના આધારે, મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરની કોર્ટે બે મહિનામાં મસ્જિદના ઉપરના ત્રણ માળને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. આ નિર્ણય સામે મુસ્લિમ કલ્યાણ સંગઠને જિલ્લા કોર્ટનો સંપર્ક કર્યો હતો. સંજૌલી મસ્જિદ અંગેનો કેસ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરની કોર્ટમાં પેન્ડિંગ છે અને આગામી સુનાવણી ૬ઠ્ઠી ડિસેમ્બરે થવાની છે.અરજદાર ઓલ હિમાચલ મુસ્લિમ વેલફેર ઓર્ગેનાઈઝેશનના વકીલ વિશ્વ ભૂષણે કહ્યું કે કોર્ટે તેમની અરજી ફગાવી દીધી છે.

### બાંગ્લાદેશમાં હિંસા દરમિયાન વકીલની હત્યાના કેસમાં ૯ લોકોની ધરપકડ

। ઢાકા, તા.૧ ।

બાંગ્લાદેશના ચિત્તાગોંગમાં હિંસા દરમિયાન વકીલની હત્યાના કેસમાં ઓછામાં ઓછા ૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે શનિવારે આ જાણકારી આપી. મદદનીશ સરકારી વકીલ સૈફુલ ઈસ્લામની હત્યામાં સંડોવણી બદલ ૪૬ લોકો સામે કેસ નોંધાયા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં મોટાભાગના લઘુમતી હિંદુ સમુદાયના સ્વચ્છતા કાર્યકરો છે. ઈસ્લામની ઉંમર ૩૦ વર્ષની આસપાસ હતી. તે જ સમયે, હિંદુઓ પર સતત હુમલાઓ ચાલુ છે. બાંગ્લાદેશની યુનુસ સરકાર હિંદુઓની સુરક્ષા માટે કોઈ પગલાં લઈ રહી નથી.

**ચલણ તરીકે ડોલરને ઘટાડશે** | **તેઓ અન્ય 'સકર' શોધી શકે છે!' એવી કોઈ શક્યતા નથી કે બ્રિક્સ આંતરરાષ્ટ્રીય વેપારમાં યુએસ ડોલરનું સ્થાન લેશે**

# ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિક્સ દેશોને ૧૦૦ ટકા ટેરિફની ધમકી આપી

। વોશિંગ્ટન, તા.૧ ।

રાષ્ટ્રપતિ ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિક્સ દેશોને યુએસ ડોલરને બદલવાના કોઈપણ પગલા સામે ચેતવણી આપી હતી અને ભારત, રશિયા, ચીન અને બ્રાઝિલ સમાવિષ્ટ નવ સભ્યોના જૂથ પાસેથી પ્રતિબદ્ધતા માંગી છે. ૨૦૦૯ માં રચાયેલ બ્રિકસએ એકમાત્ર મુખ્ય આંતરરાષ્ટ્રીય જૂથ છે જેનો યુનાઈટેડ સ્ટેટ્સ ભાગ નથી. તેના અન્ય સભ્યો દક્ષિણ આફ્રિકા, ઈરાન, ઈજીપ્ત, ઈથોપિયા અને સંયુક્ત આરબ અમીરાત છે. છેલ્લાં કેટલાંક



વર્ષોમાં તેના કેટલાક સભ્ય દેશો, ખાસ કરીને રશિયા અને ચીન, યુએસ ડૉલરનો વિકલ્પ શોધી રહ્યા છે અથવા પોતાની બ્રિકસ ચલણ બનાવી રહ્યા છે. ભારત અત્યાર સુધી આ પગલાનો ભાગ બન્યું નથી.

ટ્રમ્પે બ્રિક્સ દેશોને આવા પગલા સામે ચેતવણી આપી હતી. "અમે ઊભા રહીને જોઈ રહ્યા છીએ ત્યારે બ્રિક્સ દેશો ડૉલરથી દૂર જવાનો પ્રયાસ કરી રહ્યા છે તે વિચાર સમાપ્ત થઈ ગયો છે," પ્રમુખ-ચુંટાયેલાએ તેમની માલિકીના પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પરની પોસ્ટમાં જણાવ્યું હતું. "અમને આ દેશો તરફથી પ્રતિબદ્ધતાની જરૂર છે કે તેઓ ન તો નવી બ્રિક્સ ચલણ બનાવશે, ન તો શક્તિશાળી યુએસ ડૉલરને બદલવા માટે કોઈ અન્ય ચલણને પાછું આપશે અથવા, તેઓ ૧૦૦% ટેરિફનો સામનો કરશે અને અદ્ભુત યુએસ અર્થતંત્રમાં વેચવા માટે ગુડબાય કહેવાની અપેક્ષા રાખવી જોઈએ.

"ટ્રમ્પે ચેતવણી આપી. "તેઓ અન્ય 'સકર' શોધી શકે છે!' એવી કોઈ શક્યતા નથી કે બ્રિક્સ આંતરરાષ્ટ્રીય વેપારમાં યુએસ ડૉલરનું સ્થાન લેશે, અને કોઈપણ દેશ જે પ્રયાસ કરે છે તે અમેરિકાને વિદાય લેવો જોઈએ, "તેમણે કહ્યું. દક્ષિણ આફ્રિકામાં ૨૦૨૩ સમિટમાં, બ્રિક્સ દેશોએ નવા સામાન્ય ચલણની શક્યતાનો અભ્યાસ કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા ડી સિલ્વા દ્વારા આ સંબંધમાં એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

**સિલિન્ડરની કિંમતમાં ૧૬.૫૦ રૂપિયાનો વધારો** | **દિલ્હીમાં ૧૯ કિલોના ગેસ સિલિન્ડરની કિંમત ૧૮૧૮.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર પર પહોંચી ગઈ છે**

# ડિસેમ્બરના પહેલા દિવસે જ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો

। નવીદિલ્હી, તા.૧ ।

નવા મહિનાની શરૂઆત સાથે જ એક મોટો ઝટકો મળ્યો છે. ગેસ સિલિન્ડરના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. ઈન્ડિયન ઓઈલે ફરી એકવાર ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૬.૫૦ રૂપિયાનો વધારો કરીને મોંઘવારીને આંચકો આપ્યો છે. આ વધારા બાદ દિલ્હીમાં ૧૯ કિલોના ગેસ સિલિન્ડરની કિંમત ૧૮૧૮.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર પર પહોંચી ગઈ છે. રાહતની વાત એ છે કે ઘરેલુ ગેસ સિલિન્ડરના દરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આજે પણ દિલ્હીમાં ૧૪.૨ કિલોના ગેસ સિલિન્ડરની કિંમત ૮૦૮ રૂપિયા છે. તેની કિંમત ઓગસ્ટ ૨૦૨૪ થી સ્થિર રાખવામાં આવી છે. આ સિવાય એલપીજી ગેસ સિલિન્ડરની



કિંમતો, ક્રેડિટ કાર્ડના નિયમો, બેંકિંગ, ટેલિકોમ અને મફત આધાર અપડેટ સંબંધિત ફેરફારોનો સમાવેશ થાય છે, જેની સીધી અસર આપણા ખિસ્સા પર પડશે. ચાલો તેમના વિશે જાણીએ.એનર્જીની વધતી માંગ વચ્ચે ઓઈલ કંપનીઓએ ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો કર્યો છે. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ પર જાહેર કરાયેલા ભાવના લિસ્ટ મુજબ, ૧ ડિસેમ્બર, ૨૦૨૪થી ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૬.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો કરવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડર અથવા હલવાઈ સિલિન્ડરની કિંમતોમાં વધારો કર્યો છે, જો કે, ઘરોમાં ઉપયોગમાં લેવાતા ૧૪.૨ કિલોના સિલિન્ડરની કિંમતો સમાન રાખવામાં આવી છે.આ ભાવ વધારા બાદ રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત હવે ૧૮૦૨ રૂપિયા પ્રતિ સિલિન્ડરથી વધીને ૧૮૧૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે.







# સાધુઓના ચાલતા ડખ્ખાના કારણે જુનાગઢની ખુબ મોટી બદનામી થવા પામી

। જૂનાગઢ,તા.૧ ।

ગિરનાર પર્વત ઉપર બિરાજતા માં અંબાજી માતાજીના મહંત તનસુખગીરી મોટા પીર બાવા બ્રહ્મલીન થયા બાદ ગાદીનો વિવાદ થતા જેમાં પોલીસની એન્ટ્રી થઈ છે. આ રૂપિયા આવ્યા આપ્યાની હરિગીરીના લેટરની સત્યતાની તપાસ એ ડીવીઝન પ ીઆઈ બી.બી.કોળી અને સ્ટાફે હાથ ધરી છે. તનસુખગીરીએ પ ોતાના વારસદાર તરીકે કોઈને શિષ્ય તરીકે નિમ્યા નથી તેમ છતા હરિગીરીએ ચાદરવિધિ કરી પ્રેમગીરીની નિમણુંક કરતા વિવાદ વિકર્યો છે.આ મુદ્દે તનસુખગીરીના કૌટુંબીક વારસદાર અને ભીડભંજન મહાદેવની સેવા પૂજા કરતા રસીકભારથીએ એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ કરી હરિગીરી સામે આક્ષેપ કરી જણાવ્યું છે કે તેમના હોદાનો ગેરઉપયોગ કરી ધાક ધમકી આપી સમાધી આપી તનસુખગીરી બાપુની જગ્યામાં ઘુસી બળજબરીથી પ્રેમગીરીની ચાદરવિધી કરી નાખી હતી.























**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya


CMYK